# ટેસ્ટ વગર પણ કોરોના મટે છે...

**તન દુરસ્તી — મહેન્દ્ર ગજ્જર**



કોરોનાના ટેસ્ટ કરવાની જરૂર નથી ?? રોજેરોજ ટીવી,રેડિયો અને છાપાઓમાં દેખાતા આંકડા લોકોને માનસિક રીતે હતાશ કરી દે છે ?? કોરોના કરતા કોરોના થવાનો ભય વધારે ખતરનાક છે? કોરોનાના લીધે મધ્યમવર્ગ અને નાના વેપારીઓનો કચ્ચરઘાણ નીકળી ગયો છે??

ગાંડાભાઈ ડાહ્યાભાઈને રાત્રે ૮ વાગે ખીચડી, રીંગણનું શાક અને ભાખરી ખાધા પછીના ઓડકારમાં આવા પ્રશ્નો પૂછ્યા. ડાહ્યાભાઈ આજે મૂડમાં ન હતા. તેમની તબિયત થોડી નાદુરસ્ત હતી એમને તાવ હતો, ગળામાં દુઃખતું હતું, અને નાકમાં શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. ગાંડાભાઈ બે-ત્રણ મીટરની દૂરી પર જઈને ઊભા રહી ગયા. જોરથી બૂમ મારીને બોલ્યા. અલ્યા ડાહ્યા તને તો કોરોના જ છે. કાલના છાપામાં સમાચાર હતા કે લેબોરેટરીમાં જઈને સીધો



જ ટેસ્ટ કરાવી શકાય છે.

ડાહ્યાભાઈ બોલ્યા, અરે... હું બે-ત્રણ લેબોરેટરીમાં રખડ્યો. કોઈ ટેસ્ટ કરતું નથી. એક લેબોરેટરી વાળાએ કહ્યું અમે ટેસ્ટ કરીએ છીએ પણ તમારે ટેસ્ટ નહીં કરી શકાય. તમે કોઈ ડૉકટર પાસે તમારી તકલીફ લખાવો અને કોરોના ટેસ્ટ કરવાની મંજુરી લખાવો અને પછી હોસ્પિટલમાં દાખલ થઈ જાઓ. માત્ર દાખલ થયેલા દર્દીને જ દવાખાનામાં નાક અને ગળામાંથી કોરોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવે છે. લોહીમાંથી નહીં ભઈલા. હવે બોલ ગાંડા, હું કેવી રીતે દાખલ થઉં ?? અને સમાચાર તો એવા મળે છે કે કોઈ સરકારી કે પ્રાઈવેટ દવાખાનામાં જગ્યા જ નથી. કદાચ ખોટું હોય કદાચ સાચું હોય. સરકાર તો એવો દાવો કરે છે કે અમારી પાસે પુરી સગવડ છે જ. પણ હે ભાઈ ડાહ્યા તને જો કોરોના હોય તો તું તારા ઘરમાં અને અમારા જેવા પાડોશીને પણ લગાડીશ. તારાથી તો ચેતતા રહેવું પડે...!

હા ગાંડા તારી વાત સાચી છે. હું હવે એમ જ માનું છું કે મને કોરોના છે જ. મને ડૉકટર કે લેબોરેટરી વાળા કહે કે ન કહે, ટેસ્ટ કરે કેન કરે, મે માની જ લીધું છે કે મને કોરોના છે. કારણ કે મને કોરોના બધા જ ચિહ્નો દેખાય છે. ગાંડાભાઈથી રહેવાયું નહીં. અરે ભાઈ ડાહ્યા, તારી દવાનું શું ? ડાહ્યાભાઈએ કીધું ભાઈ અત્યારે તો કોરોનાની દવા કશી જ નથી. કેમ કે કોરોના વાઈરસથી થતો રોગ છે તેની ઉપર કોઈ પણ દવાની અસર થતી નથી. દવા કે રસી આખી દુનિયામાં કયાંક શોધાઈ નથી. જે કોઈ ટવાના દાવા કરેછે તે દવા સાચી નથી. હા, કોઈક કોઈક દવા વાઈરસનો લોડ ઓછો કરી શકે છે પણ... કોઈ દવાથી કોરોનાના વાઈરસ મરતા નથી. એટલે તમારી રોગ સામે લડવાની શકતી સારી હોય તો તમને કોરોના કંઈ કરવાનો નથી. થોડા જ સમયમાં એટલે કે ૫-૬ દિવસમાં જ કોરોનાની સામે લડવા માટે શરીર એક પ્રકારનું તત્ત્વ બનાવે છે. જો રોગપ્રતિકારક શક્તિ સારી હોય તો જલ્દીથી વાઈરસની સામે લડવા માટે એન્ટી બોડી નામનું તત્ત્વ બનાવે છે. જેનાથી વાઈરસ ઉપર શરીર નિયંત્રણ લાવી શકે છે. જેમાં વીટામીન-સી, પ્રોટીન સારા શાકભાજી ફ્રુટ વગેરે શક્તિ વધારી શકે એવા, એટલે કે કૅલરી વધારે હોય એવા ખોરાક ખાઈને એન્ટી બોડી વધારે બનાવીશ અને હું ૧૦૦% કોરોના મુક્ત થઈ મારી જાતને કોરોના વોરિયર્સમાં મુકીશ ગાંડા. તો ડાહ્યા આ તો ખુબ સહેલું છે. તો અમેરિકામાં અને બીજા દેશોમાં મરી ગયા તે શું છે ?? કોરોના નથી.

ગાંડાભાઈ એ પણ કોરોના જ છે. પણ એ બધી વાતો અઘરી છે એ પછી કોઈ વખત ચર્ચા કરીશું. જયારે તને રીંગણનું શાક, ખીચડી કે ભાખરીથી કોઈ તકલીફ નહીં થાય ત્યારે વાત કરીશું. આપણા ભારત દેશમાં મૃત્યુનો દર ખૂબ જ ઓછો છે. ૨-૩ % છે. કોઈ જગ્યાએ ૨૦ % છે. ગમે તે કારણ હોય આપણા દેશમાં કોરોના વાઈરસ નબળો છે. જેમાં કદાચ ગરમી પણ હોય, લોકડાઉન પણ હોય, લોકોની ભાખરી, રોટલા, ગોળની તાકાત પણ હોય. એટલે અત્યારે આપણા દેશમાં અને રાજયમાં ટેસ્ટ કરાવા કરતા આવા કોઈ ચિહ્ન જણાય તો કોરોના છે એમ માની, બીજાથી દૂર રાખી સંભાળી લેવાની જરૂર છે. ટેસ્ટ પર બહુ આધાર રાખવો નહીં. કારણ કે લેબોરેટરીમાં થતો RT-PCRની ક્ષમતા ૬૫% છે એટલે કે ૧૦૦ માંથી ૩૦-૩૫ ટેસ્ટનું રીઝલ્ટ...

એના કરતા વધારે સારું CT Scan (સીટી સ્કેન છે) CT Scanની સેન્સીવીટી ૮૦% કરતા પણ વધારે છે. તો બધા સીટી સ્કેન કેમ નથી કરાવતા ?? ખબર નહીં ગાંડાભાઈ ખરેખર ગાંડાભાઈ એવું છે કે કોરોના થયા પછી નિમોનીયા થતા ૪-૫ દિવસ લાગે જયારે PCR બીજા ત્રીજા દિવસે પોઝીટીવ આવે છે. હવે આગળ પછી વાત કરીએ. આજે તબીયત નરમ છે. કાલે બીજા મુદ્દાની ચર્ચા કરીશું. ટૂંકમાં ટેસ્ટ વગર પણ કોરોના મટે છે એ યાદ રાખો.

## સૃજન ઓઝાનું 'પર્યાવરણ બચાવો' માટે સર્જન

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પશ્ચિમ બંગાળના હાવરા ખાતેની આચાર્ય જગદીશચંદ્ર બોઝ ઈન્ડિયન બોટનિક ગાર્ડન સંસ્થા દ્વારા રાષ્ટ્રીય સ્તરે ઓનલાઈન ડ્રોઈંગ સ્પર્ધાનું આયોજના કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગર-અમદાવાદમાંથી માત્ર પાંચેક સ્પર્ધકોએ જ ભાગ લીધો હતો જે પૈકી એક ગાંધીનગરના સેકટર-૨૩ ગુરૂકુલ કેમ્પસની શ્રી હરિ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ-૪માં અભ્યાસ કરતા સૃજન જય ઓઝા છે જેમણે 'પર્યાવરણ બચાવો' વિષયે ચિત્ર તૈયાર કરી પોતાની કૃતિ સ્પર્ધામાં મોકલી છે.




### બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસમાં

# વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી







ગાંધીનગર, તા. ૭

એકવીસમી સદીને ઉબરેં આવીને ઉભેલા વિશ્વ સમક્ષ જે આજે કોઈ સૌથી મોટી ચિંતાજનક બાબત મા કોરોના નો ફેલાવો અને તેનુ સતત વધતુ સક્રમણ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીની અભૂતપૂર્વ સિદ્ધિઓની ફુલાઈ ગયેલા માનવીએ કુદરતને નાથવાના અને સંપત્તિની જમાવટ કરીને ભૌતિક-દૈહિક સુખ ભોગવવાના જે ખતરારૂપ અખતરા કર્યા અને તેને લીધે જ 'પ્રદૂષણ'નો ધોધ છૂટયો; જેણે પર્યાવરણનું પાવિત્ર્ય છિન્નભિન્ન કરી નાખ્યું. એટલું જ નહી, કુદરતી સમતુલાને એટલી હદે ખોરવી નાખી કે, એકબીજાને આધારે ટ્કતી-નભતી જીવંત સૃષ્ટિની જીવનશૈલી પ્રદૂષિતને કલુષિત થતાં. હવા-પાણી અનાજ શાકભાજી બધું જ અશુદ્ધ અને જંતુયુક્ત બની જતાં. આ કપરી પરિસ્થિતી મા કુદરતી વાતાવરણ થી ભરપુર અને અને પ્રદૂષણ મુક્ત શૈક્ષણિક સંસ્થા ઈચ્છનીય છે અને આ ઉમદા હેતુને સિધ્ધ કરવા ૫ જુન,૨૦૨૦ના રોજ બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ નો કાર્યક્રમ યોજી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામા આવી હતી.

દર વર્ષે ૫ જૂનને વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાય છે. દર વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસ થીમ (World Environment Day Theme) પણ અલગ અલગ હોય છે. વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૦ ની થીમ 'જૈવવિવિધતા' ('Celebrate Biodiversity') છે. આ થીમ દ્વારા આ વખતે સંદેશ આપવામાં આવી રહ્યો છે કે માનવ જીવનના અસ્તિત્વ માટે જૈવવિવિધતા સંરક્ષણ અને કુદરતી સંતુલન ખૂબ જ મહત્વપૂર્ણ છે અને આ સંતુલન જાળવવા કેમ્પસ મા વૃક્ષ ના છોડ રોપવા મા આવ્યા હતા.

આ કાર્યક્રમમા સંસ્થાના ટ્રસ્ટી ભરતસિહ વાઘેલા, ડારેક્ટર પ્રો.રવિકુમાર, દરેક કોલેજના પ્રિંસિપાલો અને શૈક્ષણિક સ્ટાફ અને બિન શૈક્ષણિક સ્ટાફ હાજર રહી નીચે મુજબ સંકલ્પો લીધા હતા.

૧. એક વર્ષમાં ઓછામાં ઓછો એક છોડ રોપવો અને તેને બચાવો અને વૃક્ષો અને છોડના સંરક્ષણમાં સહકાર આપો.

૨. તળાવ, નદી, નાના તળાવોને પ્રદૂષિત ન કરો, પાણીનો દુરૂપયોગ ન કરો અને ઉપયોગ પછી બંધ કરો

૩. કારણ વગર વીજળીનો ઉપયોગ કરશો નહીં, ઉપયોગ પછી બલ્બ, ફેન અથવા અન્ય ઉપકરણોને બંધ રાખો


૪. કચરો હંમેશા ડસ્ટબિનમાં ફેંકી દો અને અન્ય લોકોને આવુ કરવા પ્રોત્સાહિત કરો, આવુ કરવાથી પ્રદૂષણ નહીં થાય

૫. પ્લાસ્ટિક / પોલિથિનનો ઉપયોગ કરવાનું બંધ કરો, તેના બદલે કાગળની થેલી અથવા બેગનો ઉપયોગ કરો

૬. પ્રાણીઓ અને પક્ષીઓ પ્રત્યે માયાળુ બનો, નજીકના કાર્ય માટે સાયકલનો ઉપયોગ કરો.

### વેદ ઇન્ટિગ્રેટેડ કેમ્પસમાં 'રોબોફન લેબ'ના સહયોગથી

# ઓનલાઈન 'સ્ક્રેચ પ્રોગ્રામિંગ વર્કશોપ' યોજાયો




ગાંધીનગર, તા. ૭

તારીખ ૬ જૂન ૨૦૨૦, શનિવારે, નવીનતમ પદ્ધતિઓ શરૂ કરવા માટે વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા આ વર્કશોપ યોજવામાં આવેલ. સ્ક્રેચ પ્રોગ્રામિંગ ભાષાની મદદથી બાળકોને તેમની પોતાની રમતો અને એનિમેશન બનાવવાનું શીખવવામાં આવ્યું હતું. સ્ક્રેચ એ એમ. આઈ. ટી. મીડિયા લેબ્સ દ્વારા વિકસિત એક બ્લોક આધારિત પ્રોગ્રામિંગ ભાષા છે. તે પ્રોગ્રામિંગની સર્જનાત્મકતા વિશ્વના વિદ્યાર્થીઓને રજૂ કરવા માટે વિશ્વની ઘણી શાળાઓમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાય છે. વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસના બાળકો એ ઉત્સાહ સાથે આ વર્કશોપમાં ભાગ લીધો હતો.

# રાસાયણિક ખાતર અને જંતુનાશકોના ઝેરથી મુક્ત પ્રાકૃતિક કૃષિથી જ પર્યાવરણની ખરા અર્થમાં સુરક્ષા : રાજ્યપાલ

### ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ અને શારદાગ્રામ બીઆરએસ કોલેજનાં સંયુક્ત ઉપક્રમે પ્રાકૃતિક કૃષિ અંગે વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૭

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે વિશ્વ પર્યાવરણ દિને સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ અપનાવી પર્યાવરણ રક્ષા માટે પ્રતિબદ્ધ બનવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો. રાજયપાલએ જણાવ્યું હતું કે, રાસાયણિક ખાતર અને જંતુનાશકોના ઝેરથી મુક્ત એવી સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિથી જ પર્યાવરણની ખરા અર્થમાં સુરક્ષા થશે.

જુનાગઢ સ્થિત ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અને માંગરોળની શારદાગ્રામ સંસ્થાની બી. આર. એસ. કોલેજના સંયુક્ત ઉપક્રમે ડિજિટલ પ્લેટફોર્મથી મદદથી યોજાયેલા વેબિનારને સંબોધન કરતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતુ કે કોરોના મહામારીના સંકટથી લોકોને આત્મમંથન કરવાની તક મળી છે, જ્યારે-જ્યારે માનવજાત મહામારીનો ભોગ બની છે. ત્યારે તેની પાછળ પ્રકૃતિ સાથે કરાયેલી છેડછાડ કરાણભૂત હોય છે.


રાજ્યપાલે જણાવ્યું હતું કે, માનવીનું સમગ્ર જીવન પૃથ્વી, આકાશ, અગ્નિ, જળ અને વાયુ એવા પંચતત્વોથી પ્રભાવિત છે ત્યારે આ તત્વોનું સંતુલન બગડે છે ત્યારે માનવ જીવન મુશ્કેલીમાં મૂકાય છે. કોરોનાને કારણે એ વાત સિદ્ધ થઈ છે તે સંક્રમણ સામે ટકી શકે છે કે જેની રોગપ્રતિકારક શક્તિ મજબૂત છે તે વાત દોહરાવતા રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, રાસાયણિક ખાતરોથી અને જંતુનાશકોના ઝેરથી યુક્ત રાસાયણિક ખેતીથી ઉત્પન્ન થતાં અનાજથી કેન્સર, ડાયાબિટીસ જેવા અસાધ્ય રોગની શક્યતા વધે છે જ્યારે પ્રાકૃતિક કૃષિથી ઉત્પન્ન થતાં ખાદ્યાન્નથી માનવીનું સ્વાસ્થ્ય જળવાય છે, રોગપ્રતિકારક શક્તિ વધે છે. વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને સ્વદેશી અભિયાન દ્વારા સાર્થક કરી શકાશે તેવું દ્રઢપણે જણાવતા રાજ્યપાલશ્રીએ સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિને અપનાવી, મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત અને સ્વદેશીની ભાવનાને મૂર્તિમંત કરવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે પદ્મશ્રી સુભાષ પાલેકરજીએ વેબસાઈટના માધ્યમથી ખેડૂતોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, સ્વાવલંબી અને આત્મનિર્ભર બનવા માટે ખેડૂતો ઝીરો બજેટ ધરાવતી સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ અપનાવે. તેમણે કોરોના સંક્રમણના આ કપરા કાળમાં સ્વાસ્થ્ય રક્ષક ખેતી પદ્ધતિ તરીકે પ્રાકૃતિક ખેતીને ગણાવતા ઉમેર્યું હતું કે, પ્રાકૃતિક ખેતી અને દેશી બીજનો વિકાસ અને સરળ બજાર પદ્ધતિથી ખેડૂતોની આવક બમણી કરવાના વડાપ્રધાનશ્રીના સપનાંને સાકાર કરી શકાશે. તેમણે ખેડૂતો પોતે જ ખેત ઉત્પાદનોમાં વેલ્યૂ એડિશન અપનાવે તેવો અનુરોધ પણ કર્યો હતો.

# ધર્મની વિશાળતાનું ગૌરવગાન કરતા મોરારિ બાપુ

**વિચારસભા — ડો. કેશુભાઈ દેસાઇ**

અધ્યાત્મ અને ધર્મ વચ્ચે પાયાનો તફાવત એ છે કે ધર્મ જયારે એની બાંધેલી સીમાઓમાં જ રહી જાય છે ત્યારે અધ્યાત્મ અનંત ક્ષિતિજોનાં ઉડ્ડયન ભરે છે. સંપ્રદાયો વળી ધર્મને પણ નાનકડા કૂંડાળામાં કેદ કરવા પ્રયાસ કરે છે. આપણો દેશ ધાર્મિક કરતાં આધ્યાત્મિક છે. એમાં વિચારોની ખુલ્લાશ છે, પરસ્પર વિરોધી મતોને અવકાશ છે અને છેલ્લે તો એક જ પરમ તત્ત્વની ખોજ તથા મહિના છે. સત્ય તો એક સમાન છે, વિદ્વજ્જનો એને નોખી નોખી રીતે રજૂ કરે છે. મોરારિ બાપુને ધર્મ કે સંપ્રદાય કરતાં સવિશેષ અધ્યાત્મનાં સોપાન સર આરોહણ કરી રામ ચરિત માનસની શાશ્વત કથા ગાવાની વિશેષ ફાવટ છે. એથી નવ દિવસીય પારાયણ દરમિયાન તેઓ ભાગ્યે જ કથા તત્ત્વ પર વધુ ચર્ચા કરતા હોય છે; કયારેક તો રામ જન્મ કે રામ વિવાહ જેવા પ્રસંગો પાછળ ને પાછળ ઠેલાતા જાય અને આધ્યાત્મિક ચર્ચા જ મોટા ભાગનો સમય લઈ લે, એવું પણ બને છે. એ દૃષ્ટિએ તેઓ ચીલાચાલુ કથાવાચક નથી. તેઓ પોતાને ઉપદેશક પણ નથી માનતા. આટલો મોટો શ્રોતા સમુદાય અને દેશવિદેશમાં સમર્પિત અનુયાયીઓ ધરાવતા હોવા છતાં પોતે 'અસંગ' રહે છે - નથી કોઈના ગુરુ હોવાનો દાવો કરતા કે નથી ચમત્કારો, તાવીજ, વ્રતો વગેરેમાં વિશ્વાસ



ધરાવતા - માનસની એકાદ બે ચોપાઈઓ ઉપાડી દરેક રામકથાને એનું વિશિષ્ટ નામકરણ આપે છે. કથા દરમિયાન વિશાળ વાચન સમૃદ્ધિમાંથી કેટલાય શાયરો, કવિઓ અને ફિલસૂફોને નામજોગ ટાંકતા રહે છે અને ફિલ્મી ગીતો તથા કવિતા-શાયરીના આધ્યાત્મિક સંદર્ભોની ખોજ કરી શ્રોતા સમુદાયને અત્યાર લગી નહીં જડેલા અર્થો આગવી, વિશિષ્ટ અને પ્રશિષ્ટ શૈલીમાં ઉપલબ્ધ કરાવી રળિયાત કરી મૂકે છે. એ 'સંવાદ' ના કથાકાર છે. શ્લોકને લોક સુધી પહોંચાડ્યા પછી એ લોકના વંચિત વર્ગોની પણ ખેવના કરતા રહે છે. કુદરતી આફતો વખતે ટહેલ નાખે છે. ચૌદ વર્ષની કાચી વયે દાદા ત્રિભુવનદાસ હરિયાણીનાં ચરણોમાં બેસીને પહેલીવહેલી રામકથા ગાઈ તે પછી અત્યારે કોરોના કાળમાં તમામ પ્રતિબંધો વચ્ચે એ જ ત્રિભુવન વટની છાયામાં ૮૪૪મી રામકથા માંડીને બેઠા છે અને અગાઉની જેમ જ એમની શ્રોતા વિહોણી કથાનું દુનિયાના અનેક દેશોમાં રસપાન થઈ રહ્યું છે. કેટલાક વિઘ્નસંતોષીઓને બાપુની લોકલક્ષી, વંચિતલક્ષી પ્રવૃત્તિઓ સામે વાંધો પડે છે. હિજડાઓ માટે, ગણિકાઓ માટે રામકથા ગાવાની એમની મૌલિક ધાર્મિકતા કે 'સર્વ ધર્મ ધૂન' સામે વિરોધના સૂર ઊઠતા રહે છે. બાપુને મન તો ગંગાજળ અને ઝમઝમના પાણીમાં કોઈ ફરક છે જ નહીં. એ શેખોનાં રજવાડાંમાં અને ઈસુની જન્મભૂમિમાં રામકથા કરી આવ્યા છે; કર્બલા અને પાકિસ્તાનમાં કથા કરવા માગે છે.

બાપુની મૌલિકતા તો ત્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે જયારે તેઓ ભગવાન રામ પાસેથી ધનુષ્ય ખૂંચવી લઈ એમને કમળપુષ્પ પકડાવી દે છે અને હનુમાન પાસેથી ગદા ખસેડી લઈ એમને વીણા વગાડતા બતાવે છે. પર્વત ઊંચકીને આવતા હનુમાન કરતાં ધ્યાનમુદ્રામાં બેઠેલા 'બુદ્ધિમત્તાં વરિષ્ઠ' હનુમાન એમને વધુ પ્રિય છે. ભગવાન રામચંદ્રની જય બોલાવવાને બદલે 'પ્રિય હો' જેવું સંબોધન પણ સાદ્યંત મૌલિક છે. કોઈનો જયકાર કરતાં અજાણતાં જ સામે કોઈનો પરાજય સૂચિત થઈ જાય છે. બાપુની અહિંસક આધ્યાત્મિકતા શત્રુના પરાજયથી પ્રસન્ન થતી નથી. આવા તત્ત્વનિષ્ઠ અને સત્ત્વનિષ્ઠ 'બુદ્ધ' પુરુષ સોમ 'અલી મૌલા'ની ધૂમ બાબતે કે દ્વારિકામાં વ્યસનનો વ્યાપ હતો તે કઠોર વાસ્તવની રજૂઆત સબબ વિરોધનો વંટોળ ઊઠે છે ત્યારે કહેવાતા હિંદુત્વ સંરક્ષકોની સંકુચિત માનસિકતાની દયા જ આવે. બાપુ તો આવા કોઈ પણ વિરોધ સામે તત્કાળ વિનમ્રતાપૂર્વક ક્ષમાયાચના પણ કરી લે છે, પરંતુ શું હિંદુધર્મ એટલો વામણો છે કે એક મૂઠી ઉફરા આધ્યાત્મિક સ્તરે જીવતા સમર્પિત, બહુશ્રુત સંતની વાતોનું હાર્દ સમજવાને બદલે ગાળાગાળી પર ઊતરી જાય! સંતોને, અધ્યાત્મવાદીઓને, ફિલસૂફીને સમકાલીન સમાજ ઝેરના કટોરા જ પિવડાવતો રહ્યો છે, તેનું આ ઘટના એક એક પુનરાવર્તન નથી શું?

# જન્મદિને વધામણી



**કમલેશભાઈ ત્રિવેદી**
મો. ૭૮૭૪૬ ૮૩૧૨૬



**બિપીનકુમાર એમ પરમાર**
નિવૃત સેક્શન, અધિકારી, શિક્ષણ વિભાગ
મો. ૯૬૦૧૨ ૬૮૭૬૬



**નરસિંહ સી ચૌહાણ**
પ્રમુખ, આકાશ સેવા સમાજ ટ્રસ્ટ
મહામંત્રી - પારુલ એસ ફાઉન્ડેશન
મો. ૬૩૫૧૧૦ ૩૦૩૧૦



**મંથન ઉમાકાન્ત ભટ્ટ**



**ભૃગુ ભરતભાઈ શ્રીમાળી**



**જીનલબા દેવેન્દ્રસિંહ ચુડાસમા**
મો. ૯૬૨૪૦ ૨૦૪૨૦



**આદિત્ય બારૈયા**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક